અમને જણાવતા ખુશી થાય છે કે સેજલ (પ્રિતી અને રમેશ પરિખની મોટી દિકરી) અને પુલકિત (જ્યોતિ અને તૃષાંત પરિખનો પુત્ર) ૨૦, Nov, 2007 ના રોજ લગ્ન સંબન્ધે જોડાઇ ગયા છે. લગ્ન વિધી સાદગીથી, અમદાવાદના આર્યસમાજમા, નજીકના સ્વજનોની ઉપસ્થિતીમા કરી હતી. આ ખુશીના અવસરે અમે આભારસહિત આપના સ્નેહ અને સમર્થનને યાદ કરીએ છીએ અને વર-વધુને આશિર્વાદ આપવા વિનંતી કરીએ છીએ.

આપનો આભાર માનતા પેહલા, અમે પુલકિત અને સેજલના સાદાઈથી લગ્ન કરવાના કારણો વિષેના વિચારો, જેનુ અમે ખુશી અને ગર્વથી સમર્થન કર્યુ છે, તે તમને જણાવવા ઇચ્છીએ છીએ:

*અમે ઘણી વાર વિચારતા કે જો આપણે સૌ જે પૈસા મોંઘા લગ્નો પાછળ વેડફીએ છીએ, તેનો ઉપયોગ જરૂરિયાતવાળા લોકોની મદદ માટે કરીએ તો કેવુ? આ અને નીચે દર્શાવેલ બીજા વિચારોએ અમને **ધામ-ધુમ અને રીસેપ્શન વગરના લગ્ન, ઓછામાં ઓછી ભેટ/ઘરેણાની આપ-લે અને બચાવેલા પૈસામાથી સમાજસેવા માટે દાન**(+ વધુ માહિતિ માટે નીચે) કરવા માટે પ્રેરિત કર્યા.*

- *મોટા ભાગના લગ્નોમાં, લગ્નનો ખર્ચ ઉપાડવાની જવાબદારી છોકરીના માતા-પિતા પર આવતી હોય છે. આને જોતા, મોંઘા લગ્નોનું એક ખૂબ જ ચિંતાજનક પરિણામ એ છે કે **માં-બાપ પુત્રી કરતા પુત્ર વધુ પસંદ કરે છે**, જે સ્ત્રીઓ માટે અન્યાયરૂપ છે. ઘણા ગરીબ માતા-પિતા માટે એક પુત્રીનો જન્મ બે દાયકાની કરકસર બરાબર છે. આ ગંભીર સમસ્યાનું એક સરળ સમાધાન છે. જો લગ્નનો ખર્ચ જ નહી જેવો હોય તો દિકરી ન જન્મે તેમ ચાહવા પાછળનું માતા-પિતાનું મોટુ કારણ દુર થઈ જાય. ચાલો, આપણે (પૈસેટકે સધ્ધર લોકો) ઓછા ખર્ચવાળા લગ્નોની પ્રથા શરૂ કરીએ જે પૈસેટકે નબળા વર્ગને આપણી રાહ ચાલવાની પ્રેરણા આપે (* વધુ માહિતિ માટે નીચે).*
- *સાદાઇ અપનાવવાથી આપણે આજકાલના લગ્નોથી સર્જાતા **ધ્વનિ/અવાજનું પ્રદુશણ**, ખાસ કરીને ફટાકડાથી થતુ પ્રદુશણ( એક લાખથી પણ વધુ નાના બાળકો ફટાકડાના કારખાનામાં હાનિકારક રસાયણોના સંપર્કમા રહીને કામ કરે છે; **ચાલો, ફટાકડા નહી ફોડવાનુ વચન લઈએ**), **ખોરાકનો બગાડ** (સરેરાશે એક લગ્ન મા વેડફાતો ખોરાક ૧૦ કુટુંબોને એક અઠવાડિયા માટે જમાડી શકે) અને **ચિંતાને** દુર કરી શકીએ.*
- *આજે, મોંઘા લગ્નો મોટા ભાગના કુટુંબો માટે (ઓછી આવક વાળા પરિવારો માટે પણ) અનિવાર્ય બની ગયા છે. આની પાછળનુ મુખય કારણ **જો લગ્ન નાનુ અને સાદુ હશે તો લોકો શું કહેશે** એનો ડર છે. પેહલા, લગ્ન બે આત્મા, બે પરિવારોનો મેળાપ હતો. હવે, આપણે, રસોઇયાઓ, બેંડ-બાજા/DJ, ડેકોરેટર્સ, જ્વેલર્સ અને ડ્રેસ ડિઝાઇનર્સ ના મેળાપ પર વધુ ભાર આપીએ છીએ. શું આપણો સમાજ સાચી દિશામા જઇ રહ્યો છે?*

*અમને આશા છે કે એ બધા જ લોકો, જે સમાજનુ કલ્યાણ ઇચ્છે છે, તે અમારા આ નમ્ર પગલાને આવકારશે અને અપનાવશે. ચાલો, આપણે ભેગા મળીને એક વધુ સારી દુનિયા બનાવીએ જેમા <u>બધા</u>ને ન્યાય મળે.*

**જય શ્રી કૃષ્ણ,**

જ્યોતિ અને તૃષાંત પરિખ — પ્રિતી અને રમેશ પરિખ

---

~ વર-વધુ વિષે વધુ (તેઓ કામ સિવાય બીજુ શું કરે છે, તેમને શેમા રસ છે, શેના માટે માન છે, વગેરે) જાણવા માટે આ web pages જુઓ.

* Pulkit's blog (પુલકિતના વિચારો): http://pulzinponderland.wordpress.com/
* Sejal's blog (સેજલના વિચારો): http://sejswhirlpool.blogspot.com/
* AshaKiran [જે IIIT હૈદરાબાદની નજીકના બાંધકામ કરતા મજુરો માટે સ્વાસ્થ્ય શિવિર અને તેમના બાળકો માટે સાંજની શાળા ચલાવે છે]: http://students.iiit.ac.in/ashakiran

** પુત્ર કરતા પુત્રીની ચાહ અટકાવવાનો આદર્શ માર્ગ લગ્નના ખર્ચને બન્ને કુટુંબો વચ્ચે સમાન ભાગે વહેંચવો તે છે. પરંતુ, એ અમલમાં મુકાય તે સુધીમાં, શ્રેષ્ઠ ટુંકા ગાળાનો રસ્તો સાદાઈપુર્ણ લગ્નો જ છે.*

*+ દાન માટે પસંદ કરેલ બધા જુથો ચકાસેલા છે (મુખ્યત્વે, અમે જે સમાજસેવક સંસ્થાઓ સાથે કામ કરીએ છીએ તેમના દ્વારા). વાસ્તવમાં, મોટા ભાગના NGOs જે અમારી નજરમાં આવ્યા છે તેમાં કોઈ બનાવટ નથી (જે સામાન્ય માન્યતાની વિરુધ્ધ છે).*

~ વિવાહ કાર્ડ NGO આરજૂ સાથે સંકળાયેલા ગરીબ બાળકોએ બનાવેલ છે. આ NGOમાં આવતા નાણાં આ બાળકોના ભણતર માટે વપરાય છે. આ સંસ્થાના (ગ્રીટીંગ) કાર્ડ્સ (કોઈ પણ પ્રસંગમાં) મોકલવા માટે અમારો સંપર્ક કરો.